## પ્રાંતિજમાં શ્રીમદ્ ભાગવત કથાનો થયેલો પ્રારંભ

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં આવેલ મોદી સમાજની વાડી ખાતે ભાગવત કથાનો પ્રારંભ ૯-૬-૨૦૧૪ થી થતા ધર્મપ્રેમીજનતા કથાનો લાભ લઈ રહી છે.

પ્રાંતિજ ખાતે આવેલ નાની ભાગોળ મોદી સમાજની વાડીમાં ભાગવત કથાનું આયોજન ધર્મપ્રેમી આયોજક દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં શ્રીમદ્ ભાગવત સત્સંગ પારાયણની સાથે ધર્મ સાથે ધાર્મિક જ્ઞાન પણ શ્રી મુકુન્દ મહારાજ દ્વારા તેમની મધુર વાણીમાં ભક્તોને કથા દરમ્યાન પિરસવામાં આવે છે અને પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાંથી ધર્મ પ્રેમી જનતા કથા સાંભળવા ઉમટી પડે છે. જ્યારે કથા રસિકો દસ દિવસમાં ભક્તિમય બની જતા વાતાવરણ પણ ભક્તિમય થઈ ગયું છે. જ્યારે પૂર્ણાહુતિ તા. ૧૯-૬-૨૦૧૪ ને ગુરૂવારના રોજ સાંજે પાંચ વાગે યોજાશે.



## માલપુર તાલુકાની કસૈયા પ્રા. શાળામાં પ્રવેશોત્સવ ઉજવણી

દર વર્ષે યોજાતા પ્રવેશોત્સવ કાર્યક્રમ હેઠળ માલપુર તાલુકાની કસૈયા પ્રા. શાળામાં પ્રવેશોત્સવ ૨૦૧૪ તથા કન્યા કેળવણી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધોરણ-૧ માં તથા આંગણવાડીમાં પ્રવેશ મેળવતા તમામ બાળકોને સ્કુલ બેગ, નોટબુક-પેન તથા રમકડાંની કીટનું વિતરણ સરકારી પ્રતિનિધિ તથા મુખ્ય મહેમાન એવા વાણિજયવેરા મદદનીશ કમિશ્નર પ્રાંતિજ આર.કે. સુથાર વનપંડિત માલપુર શ્રી દિનેશભાઈ ઉપાધ્યાય, રાજય પારિતોષિક વિજેતા વિકલાંગ એવા શ્રી જીજ્ઞેશભાઈ ભટ્ટના વરદહસ્તે યોજવામાં આવ્યું હતું. આ ઉપરાંત ધો-૧ થી ૫માં પ્રથમ નંબરે આવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું પણ સન્માન કરાયું હતું. કાર્યક્રમમાં કસૈયા ઉપરાંત દેવદાંતી શાળાનો પણ સમાવેશ કરાયો હતો. કાર્યક્રમમાં સી.આર.સી. પ્રજાપતિ, જીતુભાઈ, ગામના સરપંચો, અગ્રણીઓ વાલીગણ મોટી માત્રામાં હાજર રહેલ હતો. સમગ્ર પ્રવેશોત્સવની સફળતા માટે કસૈયા શાળાના આચાર્યા શ્રીમતી હરિપ્રિયાબેન પરમાર તથા દેવદાંતી શાળાના આચાર્ય સુભાષભાઈ પટેલ તથા શિક્ષક મિત્રો દ્વારા ખુબ જહેમત ઉઠાવવામાં આવી હતી. (તસવીર : અહેમદ ઉલ્લાહ, મોડાસા)

## વડાગામના સરપંચપદે સૂર્યભાણસિંહ જંગી બહુમતીએ ચૂંટાયા

ધનસુરા તાલુકાના વડાગામ ગ્રામ પંચાયતની તાજેતરમાં પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં ૪ ઉમેદવારો વચ્ચે જામેલા રસાકસી ભર્યા જંગમાં સૂર્યભાણસિંહ રહેવરનો ભવ્ય વિજય થયો હતો. ધનસુરા તાલુકાના વડાગામ ખાતે ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી યોજાઈ હતી જેમાં ૪ ઉમેદવારો મેદાનમાં હતા. ભારે રસાકસી ભર્યા ચૂંટણી જંગમાં પાંચ વખતના પૂર્વ સરપંચ સંગ્રામસિંહ રહેવરના ભત્રીજા સૂર્યભાણસિંહ રહેવર જંગી બહુમતીથી વિજયી બન્યા હતા. સમર્થકોએ ઢોલ નગારા સાથે અને અબીલ ગુલાલ લગાવી જીતની ખુશી વધાવી લીધી હતી.

## બી.એસ.એન.એલ. એક્ટીવીટી બંધ થઈ જતાં પ્રાંતિજની ઓફીસો, બેન્કોમાં લોકોને પડેલી હાલાકી

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકામાં બી.એસ.એન.એલ. નેટવર્ક બંધ થઈ જતાં પ્રાંતિજ તાલુકાની તમામ સરકારી ઓફીસો, બેન્કો તથા એટીએમ સેન્ટરો, બેંકીંગ સેવાઓ ઠપ્પ થઈ જતાં લોકો ભારે હાલાકીમાં મુકાઈ ગયા હતા.

પ્રાંતિજમાં છેલ્લા પાંચ દિવસથી ભારત દૂર સંચાર નિગમની ટેલીફોનિક અને કનેક્ટીવીટી એક જગ્યાએથી બીજી જગ્યા ઉપર સ્થળાંતર કરતાં ખોરંભાતા ઓફીસોનાં સર્વર સેવા બંધ થઈ જતાં લોકોને જનસેવા કેન્દ્રમાં વિવિધ દાખલા, ઉતારા, લેવામાં રાહ જોવા છતાંય આ દાખલા કે અન્ય સર્ટી લીધા વગર પરત ફરવાનો વારો આવ્યો હતો. તો બીજી બાજુ બેંકોમાં પણ બેંકીંગસેવા બંધના બોર્ડ જોવા મળ્યા અને લોકોને પૈસાની લેવડ-દેવડમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે અનેક જગ્યાએ વેપારીઓ વાયદામાં ખોટા પડ્યા હતા અને ના જોઈતી મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવ્યો હતો. તો બીજી બાજુ બેંકો આવા સમયે કોઈ ટેમ્પરરી સેવા ચાલુ કરવામાં આવે તેવું પંથકના લોકો જણાવી રહ્યા છે.

જ્યારે અત્યારે તો યંત્ર યુગમાં યાંત્રિક ખામી સર્જાયા કે અન્ય કારણ હોય પણ તાત્કાલિક ધોરણે પ્રશ્ન હલ ના થાય તો અનેક હાલાકીઓનો સામનો પ્રાંતિજની જનતાને કરવો પડ્યો છે. જ્યારે હાલ તો બેંકો તથા ઓફિસો તથા સત્તાવાળા દોષનો ટોપલો કનેક્ટીવીટી ખોરવાતા અને યાંત્રિક ખામી સર્જાતા અને અન્ય સ્થળે બી.એસ.એન.એલ.નું સીપટીન થતા તંત્ર પણ ભાંઠુ પડી ગયું હતું.

## ઊંઝા મામલતદાર કચેરીમાં ચાલતી લાલીયાવાળી સામે લોકોમાં આક્રોશ

ઊંઝા, તા. ૧૭

તાલુકા મથક ઊંઝા ખાતે આવેલ મામલતદાર કચેરીમાં છેલ્લા ઘણા વખતથી વહિવટમાં લાલીયાવાડી ચાલી રહી હોઈ આમ જનતા ભારે ત્રાસ પોકારી ઉઠી છે.

લોકોમાં ચર્ચાતી વાતો મુજબ છેલ્લા ઘણા સમયથી ઊંઝા મામલતદાર કચેરીનો વહિવટ ખાડે ગયો છે. કચેરીના એ.ટી.વી.ટી. કેન્દ્રમાં જરૂરી દાખલાઓ તેમજ કચેરીને લગતા કામકાજ માટે જતા નાગરિકોને યોગ્ય વ્યવસ્થિત જવાબ મળતો નથી. કચેરીમાં રીઢા બની ગયેલા કર્મચારીઓ નાગરિકોને ગાંઠતા નથી અને જુદા જુદા કામો માટે રીતસર કટકી કરતા હોવાની લોક ફરિયાદો ઉઠી છે.

વધુમાં તાલુકાની મહેસુલ, પુરવઠા, ઈ-ધરા તેમજ આ કચેરીના બિલ્ડીંગમાં જ કાર્યરત સબ રજીસ્ટ્રાર દસ્તાવેજની કચેરીમાં જુદા જુદા કામો માટે નાગરિકો પાસેથી ગેરકાયદે નાણાં યા લાંચ લેવામાં આવતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. કચેરીમાં છેલ્લા કેટલાયે વખતથી કેટલાક ખાનગી શખ્સો વચેટીયા દલાલોએ અડિંગા જમાવ્યા છે. જેઓ કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ઘરાબો રાખીને લોકોના કામકાજમાં કટકી કરે છે.

કહે છે કે, કચેરીની ઈ-ધરા શાખામાં જમીનને લગતા કામકાજ વારસાઈ, હક કમી જેવા કામોમાં મુખ્યત્વે સ્ટેમ્પ વેન્ડરો તેમજ આવા કામકાજ સાથે સંકળાયેલ ઈસમો થકી ગેરકાયદે નાણાંકીય વ્યવહાર થાય છે. પુરવઠા શાખામાં પણ લોલમ લોલ ચાલી રહ્યું છે. નવિન રેશનકાર્ડ, રેશનકાર્ડમાં નામ ઉમેરવા, કમી કરવા, કાર્ડ વિભાજનને લગતા કામોમાં ખાસ્સો વિલંબ થઈ રહ્યો છે. કેટલાયે માણસો આવા કામ સંદર્ભે કચેરીના ધક્કા ખાઈ રહ્યા છે.

આ સાથે રેશનિંગની દુકાનોમાં કાર્ડધારકોને નિયમિત નિયત જથ્થો મળતો નથી અને આવી દુકાનોમાં મોટાપાયે ગેરરિતીઓ આચરવામાં આવી રહ્યાની કાર્ડધારકોની ફરિયાદો ઉઠી છે. સંભવિત અધિકારીઓ અને કર્મચારીઓની રેશનિંગની દુકાનોના સંચાલકો સાથેની કથિત હપ્તારૂપી સાંઠગાંઠને કારણે આવા દુકાનદારો વિરૂદ્ધ કોઈ જ કડક પગલાં ભરાતાં નથી. બીજું કચેરીમાં જરૂરી દાખલાઓ, અભિપ્રાયો આપવામાં પણ નાણાં આપ્યા સિવાય કામ થતું ન હોવાની ફરિયાદો થઈ રહી છે. ઉપરોક્ત બાબતે ઉચ્ચકક્ષાએથી તપાસ થાય તો ઘણી ચોંકાવનારી હકિકતો બહાર આવે તેમ છે. તેવું પ્રજામાં બોલાય છે.

## પ્રાંતિજ હાઈવે ટોલ પ્લાઝા પાસે મોડી રાત્રે કાર સળગી : પાંચનો આબાદ બચાવ

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મોડી રાત્રે નેશનલ હાઈવે નં. ૮ પર કમપુર ટોલપ્લાઝા પાસેથી પસાર થઈ રહેલ એક મારૂતિ કારમાં આગ લાગી હતી. જો કે આ આગથી કારમાં સવાર પાંચ વ્યક્તિઓનો સમય સૂચકતાને કારણે આબાદ બચાવ થયો હતો.



પ્રાંતિજ નેશનલ હાઈવે પર આવેલા કમપુર પાટીયા પાસે અમદાવાદ તરફ આવી રહેલ એક મારૂતિકાર જે હિંમતનગર તરફ જઈ રહી હતી તે ટોલપ્લાઝા પર ટેક્ષ ભરવા ઉભી રહી હતી. ટોલટેક્ષ ભર્યા બાદ થોડીક આગળ જ આવેલી આ કારમાં અચાનક આગ લાગતા ચાલક અને તેમાં સવાર બે મહિલા સહિત કુલ પાંચ વ્યક્તિઓ કારમાંથી ઉતરી પડતા તેમનો આબાદ બચાવ થયો હતો. આગના કારણે ટોલપ્લાઝા પરના કર્મચારીઓ દોડી આવ્યા હતા અને ટોલનાકા પર રાખેલ પાણીની મોટર ચાલુ કરીને આગને કાબુમાં લેવા પ્રયત્ન કર્યો હતો.

આ ઘટનાની પ્રાંતિજ ફાયર ટીમને જાણ કરાતા પ્રાંતિજ નગરપાલિકા દ્વારા સંચાલિત ફાયર ફાયટર ટીમના પાઈલોટ મુકેશભાઈ સહિત સમગ્ર ટીમ ઘટનાસ્થળે રાત્રે બે વાગ્યા હોવા છતાં પણ ધસી આવી હતી. અને પાણી દ્વારા કારમાં લાગેલ આગને બુજાવી હતી. જો કે આગે ત્યાં સુધીમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હોવાથી આખી કાર બળીને ભડથુ થઈ ગઈ હતી. જો કે કારચાલક દ્વારા પોલીસને આ બાબતે જાણ કેમ ના કરાઈ તે બાબત પંથકમાં ચર્ચાને ચકડોળે ચઢી છે.

## ડીસાના હોમગાર્ડઝ જવાનું અકસ્માતે મોત થતા સહાય ચુકવાઈ

### જિલ્લા કમાન્ડન્ટના હસ્તે મૃતકની પત્નિને ૭૭,૫૦૦ નો ચેક અપાયો

ડીસા, તા. ૧૭

હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસા ખાતે ફરજ બજાવતાં હોમગાર્ડઝ જવાનનું ચાર માસ અગાઉ માર્ગ અકસ્માતે મોત થતાં મૃતકના અને અવસાન સહાય માટે જરૂરી દરખાસ્ત કરી હતી. જેથ હોમગાર્ડઝ ગુજરાત રાજ્ય દ્વારા મૃતક પરિવારને અવસાન સહાય પેટે રૂા. ૭૫,૦૦૦ અને મરણોત્તર ક્રિયા માટે રૂા.



પરિવારોને બનાસકાંઠા જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ એન.એસ.નિનામાના હસ્તે મૃતકના પત્નિને રૂા. ૭૭.૫૦૦ ની સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

આ અંગેની વિગત એવી છે કે, હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસા ખાતે સેકશન લીડર તરીકે ફરજ બજાવતા ગેનસીંગ બિજોલજી પરમાર (ઠાકોરનું ગત તા. ૧૮ ફેબ્રુઆરી ૨૦૧૪ ના રોજ બનાસ નદી પુલ પર અકસ્માતે મોત નિપજ્યું હતું. જેથી હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસાના ઓફિસર કમાન્ડીંગ અમૃતભાઈ એફ.આલ. દ્વારા મૃતકના પરિવારને વેલફેર ફંડમાંથી મરણોત્તર સહાય ૨૫૦૦ મળી કુલ રૂા.૭૭.૫૦૦ ની સહાય મંજુર કરી હતી. આથી બનાસકાંઠા જિલ્લા હોમગાર્ડઝ કમાનડન્ટ અને હેડ ક્વાર્ટર ડી.વાય. એસ.પી. એન. એસ. નિનામાના હસ્તે મૃતકના પત્નિ લીલાબેન પરમારને સોમવારે રૂા.૭૭,૫૦૦ની સહાયનો ચેક આપવા કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે હોમાગર્ડઝ તાલુકા યુનિટ ડીસાના ઓફિસર કમાન્ડીંગ એ.એફ.આલ, સબ ઈન્સ્પેટકર બી.ડી.સ્વામી, જિલ્લા કચેરીના હેડ કલાર્ક જયંતિભાઈ પરમાર તેમજ હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસાના કલાર્ક બી.વી.બોકુ સહિત સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડા તાલુકાની ત્રણ ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણીના પરીણામો જાહેર

ભિલોડા,તા.૧૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાની ત્રણ ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણીના પરીણામો જાહેર થતાં કહીં ખુશી કહીં ગમનો માહોલ સર્જાયો હતો.ભિલોડા મામલતદાર કચેરીમાં મામલતદાર એ. કે. જોષી, નાયબ મામલતદાર આર. વી. વણકર, ચુંટણી અધિકારીની ઉપસ્થિતીમાં મતગણતરી યોજાઈ હતી. (૧) નાંદોજ ગ્રામ પંચાયત સરપંચ પદે કેવળભાઈ આસુભાઈ વણઝારા ૪૫૯ મતે વિજયી બન્યા હતા. (૨) મોંધરી ગ્રામ પંચાયત સરપંચ પદે કચરાભાઈ ભવજીભાઈ પટેલ ૬૮૮ મતે વિજયી બન્યા હતા, (૩) કુંડોલ ગ્રામ પંચાયતની પેટા ચુંટણીમાં સરપંચ પદે રવીચંદ્રભાઈ બચુભાઈ બરંડા ૬૭૭ મતે વિજયી બન્યા હતા. સરપંચો ટેકેદારોએ દરેક સરપંચોને વાજતે-ગાજતે વધાવી લીધા હતા.

## ઉજજવળ ભવિષ્ય તરફ વધી રહેલું સમર્થ કેમ્પસ

હિંમતનગર, તા.૧૭

હિંમતનગર ખાતે ચાલતા સમર્થ કેમ્પસની બે કોલેજો સમર્થ બી.એડ. તથા સમર્થ બી.સી.એ. કોલેજનું હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. પાટણમાં ઉજ્જવળ પરિણામ આવેલ છે. જયાં બી.એડ. કોલેજના વિદ્યાર્થીઓનું પરિણામ ૮૪ ટકા જેમાં વાઘેલા મહેન્દ્રકુમાર ૯૩ ટકા સાથે કોલેજમાં ફર્સ્ટ આવેલ છે અને સમર્થ બીસીએ કોલેજનું પરિણામ ૯૩.૭૦ ટકા છે. જેમાં વડનગરી સાજીયાએ ૯૫ ટકા સાથે કોલેજમાં ફર્સ્ટ આવેલ છે. અહીં ઉલ્લેખનીય છે કે વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓની રૂચિ આ કોર્ષમાં ઓછી થઈ રહી હોવા છતાં સમર્થ કેમ્પસના વિદ્યાર્થીઓ ખુબ જ સારું પરિણામ લાવેલ છે.

સમર્થ બીસીએ કોલેજના ૨૦ વિદ્યાર્થીઓ ઈ-ઈન્ફોચીપ્સમાં ઈન્ટરવ્યુ માટે શોર્ટ લીસ્ટ થયેલ છે તથા ડીપ્લોમાં વિભાગના ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગના ૫૦ વિદ્યાર્થીઓને તા. ૧૪-૬-૨૦૧૪ના રોજ ઉદયપુર ખાતે ટ્રેનીંગ માટે લઈ જવામાં આવી રહ્યા છે અહીં ઉલ્લેખનીય છે કે જયારથી સમર્થ ગૃપ ઓફ કોલેજીસનું સંચાલન વ્યાસ ઈન્સ્ટીટયુશન ઓફ હાયર એજયુકેશન દ્વારા હાથમાં લેવામાં આવેલ છે ત્યારથી વિદ્યાર્થીઓ માટે વ્યવસાયની વિવિધ તકો તથા કૌશલ્ય લક્ષી તાલીમોનું સતત રીતે આયોજન કરવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓની મહેનત અને નવા મેનેજમેન્ટના પ્રયત્નોથી સમર્થ કેમ્પસ ઉજ્જવળ ભવિષ્ય તરફ વધી રહેલ છે.

## સીવીએમ સંચાલિત સીડીસીમાં જીપીએસસી અને બેંકિંગના વર્ગો

વલ્લભ વિદ્યાનગર, ૧૭

ચારુતર વિદ્યામંડળસંચાલિત એચ.એમ.પટેલ કેરિયર ડૅવલપમેન્ટ સૅન્ટર (સીડીસી)માં ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી) તથા બૅંકિંગ સેવામાં જવા ઈચ્છુક યુવા વર્ગ માટે રાહતના દરે તાલીમી વર્ગો ચલાવવામાં આવશે.

ઘણા લાંબા સમય પછી જીપીએસસી અને બૅંકિંગ સેવામાં પ્રવેશ માટે વર્ગ - ૧ અને વર્ગ - ૨ ના અધિકારીઓ સહિતની સેંકડો જગ્યાઓ માટેની જાહેરાત થઈ છે અને અનેક ઉત્સાહી યુવાઓએ સરકારીક્ષેત્રમાં પ્રવેશ માટે ઉમેદવારી કરી છે ત્યારે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ યુવાધનને રાહતના દરે નિષ્ણાતો પાસેથી શ્રેષ્ઠ તાલીમ ઉપલબ્ધ થાય તે માટે સીડીસીને આ જવાબદારી સોંપી હોવાનું નિયામક ડૉ.હરિ દેસાઈએ જણાવ્યું હતું.

સીડીસીમાં ઉપરોક્ત તાલીમી વર્ગોમાં જોડાવા ઈચ્છુકોને જણાવવામાં આવે છે કે તેમણે વલ્લભ વિદ્યાનગર ખાતે બીજેવીએમ સામે આવેલા સીડીસી ભવનમાં કાર્યાલયના સમય સવારના ૧૦ થી સાંજના ૫ દરમિયાન 'વહેલા તે પહેલા'ના ધોરણે ફોર્મ મેળવી ભરીને બેચમાં પ્રવેશ પાકો કરી લેવો. ઉપરોક્ત વર્ગોના સંયોજકની જવાબદારી નલિની આર્ટ્સ કોલેજના અધ્યાપક ડૉ.નીલેશ બારોટ સંભાળશે.

## પાટણ જિલ્લામાં ૧૯મીથી શહેરી કક્ષાએ શાળા પ્રવેશોત્સવ યોજાશે

પાટણ, તા. ૧૭

રાજય સરકાર સાર્વત્રિક -નથમિક શિક્ષણના ધ્યેયને હાંસલ કરવા વર્ષ ૨૦૦૪થી જૂન માસમાં શાળા -વેશોત્સવ ઉજવે છે. ચાલુ વર્ષે પણ પાટણ જિલ્લામાં તા. ૧૯ થી ૨૧ મી જૂન દરમિયાન શહેરી કક્ષાએ યોજાનારા શાળા -વેશોત્સવ કાર્યક્રમમાં મંત્રીશ્રીઓ ઉપસ્થિત રહીને ૧,૫૭૩ નાના ભૂલકાઓને રંગેચંગે બાલમંદિર અને ધોરણ-૧ માં શાળા -વેશ કરાવી -ેત્સાહિત કરાશે.

આ કાર્યક્રમમાં ૮ રૂટમાં ૨ મંત્રીશ્રીઓ, ૧ સંસદસભ્ય, ૧ પદાધિકારી અને ૧ આઈ.એ.એસ. ઓફીસર શહેરી વિસ્તારની શાળાઓની મુલાકાત લેશે. પાટણ જિલ્લાના શહેરી વિસ્તારની શાળાઓમાં તા. ૧૯ થી ૨૧ મી જૂન દરમિયાન પાટણ જિલ્લાના -ભારી મંત્રીશ્રી અને સામાજીક ન્યાય અધિકારિતા વિભાગના મંત્રીશ્રી રમણલાલ વોરા, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને શ્રમ-રોજગારના રાજયકક્ષાના મંત્રીશ્રી દિલીપભાઈ ઠાકોર, માન. રાજયસભા સાંસદશ્રી દીલીપભાઈ પંડયા, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના અધ્યક્ષશ્રી પુંજાજી ઠાકોર તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ. ગૌરવ દહિયા જિલ્લાના શહેરી વિસ્તારની શાળાઓના ભૂલકાઓને શાળા -વેશ કરાવી તેમને -ેત્સાહિત કરશે.

## રાધનપુર તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ કાર્યક્રમ ૨૫મીના રોજ યોજાશે

પાટણ, તા. ૧૭

પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાનો સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ તાલુકા કક્ષાએ મામલતદાર કચેરી, રાધનપુર ખાતે લાયઝન અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને તા. ૨૫/૦૬/૨૦૧૪ના રોજ ૧૧-૦૦ કલાકે યોજાનાર છે. આ કાર્યક્રમ માટે જાહેર જનતા, તાલુકા કક્ષાના પોતાના -શ્ન/રજૂઆત કરવા માંગતા હોય તેઓએ પોતાનો -શ્ન કચેરીના કામકાજ સમય દરમ્યાન તા. ૨૪/૦૬/૨૦૧૪ સમય ૧૬-૦૦ કલાક સુધી મામલતદાર કચેરી, રાધનપુર ખાતે મળે તે રીતે બે નકલમાં મોકલી આપવાનું રહેશે, અને અરજદારશ્રીએ જાતે સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં ઉપરોકત તારીખ અને સમયે હાજર રહેવાનું રહેશે.

આ કાર્યક્રમમાં કર્મચારીઓની નોકરી અંગેના, કોર્ટમાં કેસો ચાલુ હોય તે બાબતના, ન્યાયીક કે અર્ધ ન્યાયીક બાબતને લગતા -શ્નો તેમજ આ કાર્યક્રમમાં અગાઉ રજુ થયેલ -શ્નો ફરીથી રજુ કરવાના રહેશે નહિ. તેમજ -થમવાર અરજી કરતાં હોય તેવા -શ્ન રજુ કરવા નહિ આ માટે એક અરજીમાં એકજ -શ્ન મોકલી શકાશે. અરજીના મથાળે સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ માટેની અરજી એમ લખવાનું રહેશે. અરજી બે નકલમાં જરૂરી પુરાવા સાથે આપવાની રહેશે, તેમ મામલતદારશ્રી રાધનપુરની અખબારી યાદીમાં જણાવાયું છે.

## વિસનગર ખાતે વિકલાંગ બહેનો માટે આઈ.ટી.આઈ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ ચાલુ

પાલનપુર, તા. ૧૭

ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ, અભય શોપીંગ સેન્ટર ,કાંસા ચાર રસ્તા પાસે, વિસનગર ખાતે વિકલાંગ મહિલાઓ માટેના આઈ.ટી.આઈ. માન્ય કોમ્પ્યુટરના અભ્યાસક્રમ જેવા કે એમ. એસ. ઓફિસ, ડેટા એન્ટ્રી, ટેલી એકાઉન્ટ,ડીટીપી, સીવણ, ન્ટિંગ કામ જેવા કે બુક બાઈન્ડીંગ, સંગીત, ફાઈલમેકીગ, ગુહવિજ્ઞાન અને બ્યુટીપાર્લર જેવા ટૂંકા ગાળાના અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. ઉચ્ચ અભ્યાસ મેળવવા ઈચ્છતા વિકલાંગ વિધાર્થીઓને છાત્રાલયમાં નિશુલ્ક -વેશ આપવામાં આવશે તો -વેશ મેળવવા માગતા વિધાર્થીઓના વાલીઓએ ઉપરના સરનામે રૂબરૂ સંપર્ક કરી -વેશ મેળવી લેવો. વધુ જાણકારી માટે સંસ્થાનો ટેલિફોન નં. ૦૨૭૬૫ ૨૨૦૨૧૦ પર સંપર્ક કરવા સંસ્થાપક અને મેનેજીંગ ટ્રસ્ટી ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ વિસનગર જી. મહેસાણા દ્વારા જણાવવામાં આવે છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ તથા મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન